પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૭ | ૧૭ ડિસેમ્બર, ૨૦૧૭, રવિવાર ; માગસર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સોનિયા ગાંધી જ રાયબરેલીથી ચૂંટણી લડશે



કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ પદેથી નિવૃત્ત થયેલ સોનિયા ગાંધી અંગે પ્રતિક્રિયા આપતા પ્રિયંકા ગાંધીએ કહ્યુ કે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સોનિયા ગાંધી જ રાયબરેલીથી લડશે.

### બેંક ખાતાને સ્થગિત કરવા બાબતે તિસ્તાના પતિની અરજી નકારાઈ

વિવાદાસ્પદ સામાજિક કાર્યકર તિસ્તાના સેતલવાડના પતિએ તેઓના બેંક ખાતાને સ્થગિત કરવા બાબતે સુપ્રિમ કોર્ટમાં દાદ માંગી હતી. સુપ્રિમ કોર્ટે તેમની અરજીને નકારી દીધી છે.

### આધારકાર્ડ ન હોવાથી ૫૩ હજારને પેન્શન નથી મળ્યુ

ઉત્તરાખંડના ૫૩ હજાર જેટલા વૃદ્ધો, દિવ્યાંગો અને વિધવાઓને આ મહિને પેન્શન ન મળી શકતા પરેસાની ભોગવી રહ્યા છે. આધારકાર્ડ સંબંધીત જાણકારી અપલોડ ન થતાં તેઓના પેન્શન અટકાવી દેવાયા છે.

# કોંગ્રેસ અધ્યક્ષ પદે રાહુલની તાજપોશી

**એઆઈસીસી હેડક્વાર્ટર ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો : મનમોહનસિંહ, પૂર્વ મુખ્યમંત્રી, મુખ્યમંત્રીઓ, સાંસદો તથા અન્યો ઉપસ્થિત**



નવી દિલ્હી,તા. ૧૬

કોંગ્રેસના પ્રમુખ તરીકે આખરે આજે રાહુલ ગાંધીની તાજપોશી કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી તેમને કોંગ્રેસના પ્રમુખ બનાવવા માટેની હિલચાલ ચાલી રહી હતી. આખરે આજે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. રાહુલ ગાંધીની કોંગ્રેસના પ્રમુખ તરીકે વિધિવતરીતે તાજપોશી કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના કાર્યકરોએ દેશભરમાં ઉજવણી કરી હતી. રાહુલ ગાંધી ઉપર શુભેચ્છાઓનો વરસાદ પણ થયો હતો. મોટાભાગના રાજકીય પક્ષોએ પણ રાહુલ ગાંધીને શુભેચ્છા પાઠવી હતી. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ કહ્યુંહતું કે, રાહુલ ગાંધી કોંગ્રેસની જુની પરંપરાને સફળરીતે આગળ વધારશે. તેમનામાં તમામ પ્રકારની કુશળતા રહેલી છે. જો કે, રાહુલ ગાંધી સામે શ્રેણીબદ્ધ નવા પડકારો પણ રહેલા છે. કોંગ્રેસ પાર્ટીની તાજેતરના સમયમાં એક પછી એક રાજ્યોમાં હાર થઈ રહી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટીમાં નવા પ્રાણ ફૂંકવાની સાથે સાથે આવનાર સમયમાં યોજાનારી વિધાનસભાઓની ચૂંટણીમાં કોંગ્રેસની સ્થિતિને સુધારવાની પણ મોટી જવાબદારી રહેશે.

હાલના વર્ષોમાં ખરડાયેલી પ્રતિષ્ઠા સુધારવા માટેની પણ તેમની જવાબદારી રહેશે. લોકોમાં જે છાપ ખરાબ થઈ છે તેને સુધારવાની પણ રાહુલ સામે મોટી જવાબદારી રહેશે.

## પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડાને ત્રણ વર્ષની જેલની સજા

**૨૫ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારાયો : સજાની જાહેરાત બાદ મધુ કોડા અને અન્ય ત્રણ દોષિતોને હાઇકોર્ટમાં અપીલ કરવા માટે વચગાળાના જામીન મળ્યા**

નવી દિલ્હી,તા. ૧૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર કોલસા કોંભાડ મામલામાં સીબીઆઈની ખાસ અદાલતે મધુ કોડાને આજે ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. સાથે સાથે તેમના પર ૨૫ લાખ રૂપિયાનો દંડ પણ લાગુ કરવામાં આવ્યો હતો. દિલ્હીની ખાસ સીબીઆઇ કોર્ટે ૧૩મી ડિસેમ્બરના દિવસે ઝારખંડના પૂર્વ મુખ્યપ્રધાન મધુ કોડાને કોલસા કોંભાડના કેસમાં દોષિત જાહેર કર્યા હતા. જો કે સજાની જાહેરાત બાદ થોડાક સમયમાં જ કોડા અને અન્ય ત્રણ દોષિતોને હાઈકોર્ટમાં અપીલ કરવા માટે વચગાળાના જામીન મળી ગયા હતા. કોર્ટે મધુ કોડા ઉપરાંત પૂર્વ કોલસા સચિવ એચસી ગુપ્તા, પૂર્વ સચિવ અશોક કુમાર અને અન્ય એકને દોષિત જાહેર કર્યા હતા. દોષિત જાહેર કરવામાં આવેલા મધુ કોડાની સજા ઉપર હાલમાં સુનાવણી ટળી ગઈ હતી. મામલામાં કોડા અને અન્ય ત્રણ દોષિતોએ પણ મેડિકલ મુદ્દાના આધાર પર સજા ઓછી કરવાની માંગ કરી હતી પરંતુ તેમની માંગ ફગાવી દેવાઈ હતી. અત્રે નોંધનીય છે કે, ખાસ અદાલતે મધુ કોડાને દોષિત જાહેર કર્યા હતા. ખાસ સીબીઆઈ જજ ભારત પરાશરે કોડા, ગુપ્તા અને અન્ય આરોપી લોકોને દોષિત ઠેરવ્યા હતા જેમાં ઝારખંડના પૂર્વ ચીફ સેક્રેટરી એકે બસુ, વિની આયર્ન એન્ડ સ્ટીલ ઉદ્યોગ લિમિટેડનો સમાવેશ થાય છે.



# ઈ-વે બિલને જીએસટી કાઉન્સિલની લીલીઝંડી

**પહેલી જૂનથી અમલી કરવાનો મહત્વનો નિર્ણય : જીએસટી પ્રણાલીની ખામીઓને દૂર કરવા માટે મહત્વનો નિર્ણય : હોટલ-એરલાઈન્સની જેમ રેલ ટિકિટ પર છુટ**

નવીદિલ્હી, તા.૧૬

જીએસટી પ્રણાલીની ખામીઓને દૂર કરવા માટે જીએસટી કાઉન્સિલે આજે દેશભરમાં આગામી વર્ષે પહેલી જૂનથી ઈ-વે બિલ વ્યવસ્થાને લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. કાઉન્સિલે જીએસટીના આઈટી નેટવર્કની તૈયારીને ધ્યાનમાં લઈને આ નિર્ણય કર્યો છે. કાઉન્સિલનું કહેવું છે કે, ઈ-વે બિલની વ્યવસ્થા ૧૬મી જાન્યુઆરીના દિવસથી અમલી બનશે. રાજ્યો સ્વૈચ્છિક આધાર પર જૂનથી પણ પહેલા આને અમલી કરી શકે છે. ઈ-વે બિલ વ્યવસ્થા હેઠળ ૫૦૦૦૦ રૂપિયાથ વધુ કિંમતની ચીજવસ્તુ એક રાજ્યથી બીજા રાજ્યમાં મોકલતા પહેલા ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. એક સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલની મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં ઈ-વે બિલ વ્યવસ્થાને લાગૂ કરવાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ચર્ચા વિચારણા બાદ જીએસટી નેટવર્કના હાર્ડવેર અને સોફ્ટવેરની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય સ્તર પર ઈ-વે બિલને લાગૂ કરવા સુધી રાજ્યોને એવા અધિકાર આપવામાં આવ્યા છે કે તેઓ ઈ-વે બિલની પોતાની અલગ વ્યવસ્થાને જારી રાખી શકે છે. બીજી બાજુ એરલાઈન્સ અને હોટલની જેમ રેલવે ટિકિટ ઉપર પણ જુદીજુદી આકર્ષક ઓફર મળી શકે છે. રેલવેમંત્રી પીયુષ ગોયેલે કહ્યું હતું કે, રેલવે બોર્ડે છ સભ્યોની એક કમિટિ બનાવી છે. હોટલ અને એર લાઈન્સની જેમ રેલવે ટિકિટ ઉપર પણ છુટછાટ આપવામાં આવનાર છે.

## મત ગણતરીના સ્થળે મોબાઈલ પર પ્રતિબંધ

ગાંધીનગર કલેક્ટર સતીષ પટેલે જણાવ્યું હતું કે મતગણતરીના સ્થળે એટલે કે સે. ૧૫ની સરકારી કોલેજ ખાતે કાઉન્ટીંગ એજન્ટ અને કાઉન્ટીંગ સ્ટાફ મોબાઈલ લઈને પ્રવેશ કરી શકશે નહી. કાઉન્ટીંગ સ્થળે મોબાઈલ પર ઈલેક્શન કમિશને પ્રતિબંધ ફરમાવ્યો છે.

## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. ધરમશીભાઈ શાહ**
કથ્થક કલાગુરુ, ભાવનગર

ભાવનગર શહેરમાં છેલ્લાં ૪૫ વર્ષથી અવિરતપણે કથ્થક નૃત્યની તાલીમ આપતા નૃત્ય અને પરીક્ષા નિષ્ણાત ઉપરાંત અનેક ગણમાન્ય કલાગુરુઓના પણ કલાગુરુ એવા ભાવનગરના શ્રી ધરમશીભાઈ શાહને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ. એમણે આરંભેલી કલાયાત્રા અવિરત ચાલુ રહેશે એવો નિર્ધાર અત્રે વ્યક્ત કરીએ છીએ.

**ગાર્ગી પસારી (નૃત્ય સંચાલક) અને સૌ કથ્થક તાલીમાર્થીઓ**
શ્રી અરવિંદ કેન્દ્ર,ગાંધીનગર
અભિવ્યક્તિ કલા કેન્દ્ર,ગાંધીનગર

# વાવોલમાં ભીષણ આગ : બે ભડથુ

**વહેલી સવારે શોર્ટસર્કીટથી લાગેલી આગમાં ૪ વર્ષના બાળક સહિત બે વક્તિના કરૂણ મૃત્યુ : મીટર બોર્ડમાંથી ભભુકેલી આગ પાર્કિંગના વાહનોમાં પકડાઈને ફ્લેટના પ્રથમ માળે પહોંચી : પાંચ દાઝ્યા : ૧૫નો આબાદ બચાવ**







ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં આજે વહેલી સવારે સાગર કોમ્પલેક્ષમાં અચાનક ભીષણ આગ ભભુકી ઉઠતા ભારે નાસભાગ મચી જવા પામી હતી. કોમ્પલેક્ષના મીટર બોર્ડથી શરૂ થયેલી આગ પાર્કીંગના વાહનોમાં લપેટાઈ જતા ભીષણ બની હતી. આ દુર્ઘટનામાં ૪ વર્ષના માસુમ બાળક અને એક મહિલાનું કરૂણ મૃત્યુ નિપજ્યુ છે. જ્યારે પાંચ વ્યક્તિઓ દાઝી જતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી અમદાવાદ ખાતે વધુ સારવાર માટે ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. સમગ્ર ઘટનામાં સેક્ટર-૭ પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

વાવોલ ગ્રામ પંચાયતની સામે આવેલા સાગર કોમ્પલેક્ષમાં આજે વહેલી સવારે મીટરબોક્ષમાં અચાનક શોર્ટસર્કીટ થતા ફ્લેટમાં આગ ભભુકી હતી. મીટર બોક્ષમાંથી શરૂ થયેલી આગ બાજુમાં જ પાર્કીંગમાં પડેલા ટુ વ્હીલર-ફોર વ્હીલર વાહનોમાં લપેટાઈ ગઈ હતી. આ ભભુકેલી આગે મોટુ સ્વરૂપ લઈ લીધુ અને ૧૫ જેટલા વાહનો એક સાથે સળગવા લાગતા આગ અને ધુમાડો પ્રથમ માળે પહોંચ્યો હતો. ફ્લેટમાં સુઈ રહેલા પરિવારો અચાનક આગના ધુમાડા ઘરમાં આવતા ઉઠી ગયા હતા અને આગ લાગી હોવાની જાણ થતા જ નાસભાગ મચી ગઈ હતી. ફ્લેટમાંથી બહાર નિકળેલા પરીવારો ધુમાડાને લીધે આગ ક્યાંથી લાગી છે તે સમજી ન શક્યા ને જીવ બચાવવા કેટલાક સીડીઓ ઉતરી ગયા..! નીચે આગ વિકરાળ લાગેલી હતી તે જોઈને પાછા ઉપર સીડીઓ ચઢવા ગયા પરંતુ તે પૈકી ચાર વર્ષનો એક બાળક અને ૪૫ વર્ષિય એક મહિલા આ આગમાં લપેટાઈને ભડથુ થઈ ગયા હતા. ૪ વર્ષનો ઝહીર રફીકભાઈ પીંજારા અને ૪૫ વર્ષિય કહમ્શા અફીન હૈદરઅલી ખાનનું આ આગ દુર્ઘટનામાં કરૂણ મૃત્યુ નિપજ્યુ છે. આ સમાચારથી પરિવારજનોમાં તથા ગામમાં અરેરાટી સાથે શોકનો માહોલ છવાઈ ગયો છે. તો બીજી તરફ આ ઘટનામાં પાંચ દાઝેલા વ્યક્તિઓને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા છે. જે પૈકી બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યુંછે. ૨૩ વર્ષિય અનાબેન રફીકભાઈ પીંજારા, રફીકભાઈ પીંજારા, ૧૬ વર્ષિય સાનીહા હૈદરઅલી ખાન અને ૧૨ વર્ષિય મીરા હૈદરઅલીખાન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. નબળુ વાયરીંગ પણ આ ઘટના પાછળ જવાબદાર હોવાની શક્યતાને પગલે સે. ૭ પોલીસે એફએસએલ બોલાવી બિલ્ડરોની બેદરકારી અંગે પણ તપાસ શરૂ કરી છે. ગાંધીનગર ફાયરબ્રિગેડના ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી કરી હતી. ૧૦હજાર લીટર પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી.

### સીઆઈએસએફમાં ફરજ બજાવતા મૃતક મહિલાના પતિ મુંબઈ ડ્યુટી પર હતા

આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મહિલા કહમ્સાઅદીન હૈદરઅલી ખાનના પતિ સીઆઈએસએફમાં ફરજ બજાવે છે અને તેમની ડ્યુટી મુંબઈ ખાતે હતી. આ ઘટનાની જાણ સવારે પોલીસે તેમને કરી તો પગ તળેથી જમીન સરકી ગઈ હતી. તેમની પત્નિનું મૃત્યુ થયુ છે. જ્યારે બે દિકરીઓ ગંભીર રીતે દાઝી ગઈ છે. તાત્કાલિક મુંબઈથી ગાંધીનગર આવવા રવાના થઈ ગયા હતા.

### બર્ન્સ વિભાગ માટે મંજુરી માંગી છે : સિવિલ સુપ્રિટેન્ડન્ટ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બર્ન્સ વિભાગ નથી. પરંતુ શરીરે ૩૦ ટકા જેટલા દાઝ્યા હોય તેવા ૫ દર્દીઓને ગાંધીનગર સિવિલમાં સારવાર આપી શકાય તે માટેની વ્યવસ્થા છે. જ્યારે ૩૦ ટકાથી વધુ શરીરે દાઝ્યા હોય તેવા દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં બર્ન્સ વિભાગ ઉભો કરવા માટે મંજુરી માંગવામાં આવી છે. જો તંત્ર કક્ષાએથી બર્ન્સ વિભાગની મંજુરી મળી જશે તો ગાંધીનગર સિવિલમાં પણ આધુનિક બર્ન્સ વોર્ડ ઉભો કરવામાં આવશે. તેમ ગાંધીનગર સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. બિપિન નાયકે જણાવ્યું છે.

### ફ્લેટના ત્રીજે માળથી ખાટલો મુકીને બીજા મકાનના ધાબે કુદી જીવ બચાવ્યા



ફ્લેટમાં રહેતા રહીશો આગ...આગ...ની બુમો પાડતા જ બહાર આવી ગયા હતા અને જીવ બચાવવાના પ્રયત્નમાં લાગી ગયા હતા. નીચે ઉતરી શકે તેવી સ્થિતિ ન હતી. અને જે રીતે આગ ફેલાઈ રહી હતી તે રીતે ઉપરના માળે રહેવુ પણ જોખમી હતુ. ત્રીજે માળે એક ફ્લેટની બાલ્કનીમાં થઈને સામેના મકાનના ધાબે જવા માટે ખાટલો ગોઠવી દઈ ૧૫ થી વધુ વસાહતીઓ ત્યાંથી કુદીને સામેના મકાનના ધાબે પહોંચી ગયા હતા અને પોતાનો જીવ બચાવ્યો હતો.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

The Italian water heater for the smarter lifestyle



Ferroli live.smart
Digital temperature display
Long lasting aluminium anode
Quick heating system
Ferroli Globally Trusted Name Since 1955
Dealers : Karnavati Trading Company - M 9427068707 • Maruti Ele & Wood Traders - M 9429633707 • Soni's Electricals - M 9824644250
Toll free : 1800-103-8533 | www.ferroli.co.in

RAJVEE FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in